જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૫/૦૪/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૬૮/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૭ | ૦ | ૧૩૭ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૦ | ૦ | ૧૦૦૬૯૦ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૪,૨૯,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૧૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૭૬/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૪૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૪)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૫૮/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૪૪/૨૦૨૨ તા.૧૪/૦૪/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૪/૦૪/૨૦૨૨ ના કલાકઃ૨૧/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

ભાવેશ ઉર્ફે ટકો સ/ઓ રમેશભાઈ બાબુભાઈ કુરીયા ઉ.વ.૨૪ ધંધોઃ-મજુરી રહે.પંચમુખી ધોરો પેલી શેરી ટેલીફોન એક્ષચેન્જની પાસે હળવદ તા.હળવદ જી.મોરબી મુળ ગામ રણાસર ગામ તા.માળીયા જી.મોરબી

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ** તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૩૭ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૭૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૭૧/૨૦૨૨**

**બાપુનગરઃ** લોનિકાબહેન ડો/ઓ બળદેવભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. ગવર્મેન્ટ "ઇ" કોલોની અંબર સિનેમા સામે બાપુનગર) એ તા.૧૪/૦૪/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે લોનિકાબહેન શાહને ઈલેક્ટ્રીક વ્હીકલ ખરીદ કરવાનુ હોઈ ઓલા ઈલેક્ટ્રીક નામની એપ્લીકેશનમાં સર્ચ કરતા જેમાં સંપર્ક નંબર ૮૫૮૪૮૬૬૭૬૯ આપેલ હોઈ જે નંબર ઉપર સંપર્ક કરતા અન્ય મોબાઈલ નંબર ૮૨૮૨૮૬૭૪૫૯ ના ધારકે તા.૦૩/૦૩/૨૦૨૨ થી તા.૦૫/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન લોનિકાબહેનને ફોન કરી ઓલા ઈલેક્ટ્રીક કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ઈલેક્ટ્રીક વાહન ખરીદ કરવા ભાવ જણાવી લોનિકાબહેનના દસ્તાવેજની ફોટો કોપી વોટ્સએપના માધ્યમથી મંગાવી લઈ વ્હીકલ બુકીંગ પેટે તેઓના ખાતા નંબર આપી કુલ રૂપિયા ૭૯,૫૦૦/- ઓનલાઈન તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૭૨/૨૦૨૨**

**ચાંદખેડાઃ** પપ્પુ ઉર્ફે રોહીત રમેશભાઇ વાઘેલા (ઉ.વ.૧૮) (રહે. ન્યુ રણછોડરાયનગર વિભાગ-૨ જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિક લાભશંકર ચલાવે છે.

**ઓઢવઃ** અક્ષય સ/ઓ ધનેશભાઈ મલ્લાહ (ઉ.વ.૧૯) (રહે. મધુમાલતી ચાર માળીયા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી ૧૪/૦૦ વાગ્યા દરમ્યાન મધુમાલતી ચાર માળીયા બ્લોક નંબર-૧૧ પાછળ ઝાડની ડાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.